હિંમતનગરમાં મહિલાની હત્યાનો ભેદ ઉકેલાયો

પતિ અને તેના બનેવીએ મહિલાની હત્યા કરી મૃતદેહ સરવણાની સીમમાં સળગાવી દીધી હતી : બનેવી ફરાર : પતિ પોલીસ કસ્ટડીમાં : મૃતક મહિલાએ બીજા લગ્ન કર્યા હતા

હિંમતનગર, તા. ૧૦

હિંમતનગરના જુના બજારમાં મોબાઈલ રીપેરીંગનો વ્યવસાય કરતા અને બગીચા વિસ્તારમાં રહેતા એક યુવાને ઝઘડાખોર પત્નિથી કંટાળી જઈને પોતાના બનેવીને સાથે રાખી પત્નિની હત્યા કરી અઠવાડીયા

સાબરકાંઠા જીલ્લાના હિમતનગર તાલુકાના સરવણા ગામની સીમમાં સાત દિવસ પહેલા અજાણી યુવતીની અર્ધ બાળીને હત્યા કરેલી લાશ મળી હતી ત્યારબાદ પોલીસે તપાસ હાથ ધરતા યુવતીની ઓળખ થઇ હતી જે હિમતનગરના બગીચા વિસ્તારમાં રહેતી હતી જેને તેના પતિ અને બનેવીએ કારમાં લઈ જઈ હથોડી મારી હત્યા કરી હતી જે પોલીસે બુધવારે પતિ ભરત સોની, કાર અને હથોડી કબજે લીધી હતી જયારે રાજસ્થાનના બાડમેરના રહેવાસી ભરતના બનેવી હંસરાજ સોની ફરાર છે જેની પોલીસે શોધ ખોળ આદરી છે.

અગાઉ તેનો મૃતદેહ હિંમતનગર તાલુકાના ગાંભોઈ પાસેના સરવણા ગામની સીમમાં લઈ જઈ સળગાવી દીધી હતી. જે અંગે ગાંભોઈ અને હિંમતનગર બી-ડીવીઝન પોલીસે સંયુક્ત તપાસ હાથ ધરી મંગળવારે પત્નિની હત્યામાં સંડોવાયેલા પતિની અટકાયત કરી કસ્ટડીમાં મુકી દીધો છે. જ્યારે તેના બનેવીને પકડવા માટે પોલીસે રાજસ્થાનની વાટ પકડવાનું નક્કી કર્યું છે.

આ અંગે જિલ્લા પોલીસવડા સૌરભસિંઘ અને બી-ડીવીઝનના પીએસઆઈ ગડુરીયાના જણાવ્યા મુજબ હિંમતનગરના જુના બજારમાં વર્ષોથી મોબાઈલ રીપેરીંગનો વ્યવસાય કરતા ભરતભાઈ અશોકભાઈ સોની (ઉ.વ.૩૨)ના બનેવી કે જે રાજસ્થાનના બાડમેર ખાતે રહે છે. જ્યાં તેમની પડોશમાં રહેતી જુહી (ઉં.વ.૨૬) નામની મહિલાએ અગાઉ લગ્ન કર્યા હોવા છતાં અગમ્ય કારણોસર તેનુ દામ્પત્ય જીવન સફળ ન રહેતા ભરતભાઈના બનેવીએ હંસરાજજી દુર્ગાદાસ સોની (ઉં.વ.૪૦)એ જુહીના લગ્ન હિંમતનગરના ભરતભાઈ સોની સાથે કરાવ્યા હતા.

થોડા સમય અગાઉ ભરત અને જુહીના લગ્ન કરાયા બાદ બે મહિનાથી જુહી હિંમતનગર રહેતી હતી. પરંતુ જુહી જીદ્દી સ્વભાવની હોવાને કારણે ભરતભાઈ સાથે વારંવાર નાની નાની બાબતોમાં ઝઘડો

કરતી હતી. જેથી કંટાળીને ભરતભાઈ સોનીએ આ અંગે તેના બનેવી હંસરાજજી સોની વાત કરતા હંસરાજજી સોનીએ જુહીને પતાવી દેવા માટેનો કારસો રચ્યો હતો.

ત્યારબાદ ગત તા. ૩-૧-૨૦૧૮ના રોજ જુહી ઘરેથી ગુમ થઈ હોવાની જાણવા જોગ અરજી હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ખુદ ભરતભાઈ સોનીએ ફોટા સાથે આપી હતી. તો બીજી તરફ તા. ૪-૧-૨૦૧૮ના રોજ ગાંભોઈ પાસેના સરવણાની સીમમાંથી અર્ધબળેલી હાલતમાં મહિલાની લાશ મળી આવી હોવાનું ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં નોંધાયું હતું. જે આધારે હિંમતનગર એ-ડીવીઝન પોલીસના પીએસઆઈએ આ ગુનાનો ભેદ ઉકેલવા માટે રાત-દિવસ એક કરીને તપાસ હાથ ધરી બળેલી હાલતમાં મળી આવેલ મહિલાની લાશ અને ભરતભાઈ સોનીએ આપેલા ફોટા સાથે મિલાવી હતી. જોકે પોલીસે તપાસ દરમ્યાન મૃતક જુહીની બહેન અને મહારાષ્ટ્રના પુનામાં રહેતી ઈન્દુબેન મહેતાએ આ લાશ જુહીની હોવાનુ જણાવ્યુ હતુ. જે આધારે હિંમતનગર બી-ડીવીઝન એલસીબી તથા એસઓજીની ટીમે આ દિશામાં તપાસ તેજ બનાવીને અંજામ આપવા પોતાના બનેવીની મદદ લીધી હતી. ત્યારબાદ પોલીસે ભરતભાઈને પકડી પોલીસ કસ્ટડીમાં મુકી દીધો છે. જ્યારે ફરાર થઈ ગયેલા તેના બનેવી હંસરારજજી સોનીને પકડવાના ચક્રો ગતિમાન કરી દેખાય છે.

મલાણી સાઈઠ પ્રજાપતી સમાજ કેળવણી મંડળ દ્વારા ઇનામ વિતરણ કાર્યક્રમ યોજાયો

પાલનપુર તાલુકાના પારપડા ગામ ખાતે ગઈકાલે સાઈઠ પ્રજાપતી સમાજ કેળવણી મંડળ દ્વારા ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ ઈનામ વિતરણ સમારોહમાં ધોરણ ૧ થી પોસ્ટ ગ્રેજ્યુએટમાં ટોપ ટેન વિદ્યાર્થીઓને સમાજના દાતાઓ તરફથી ચાંદીના મેડલ અને શિલ્ડ આપી સન્માનિત કરાયા હતા. આ ઉપરાંત સમાજના જે બાળકોએ વર્ષ ૨૦૧૬-૧૭ માં સરકારી નોકરી મેળવી છે તેવા બાળકોને સમાજ દ્વારા પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા. જેમાં પ્રજાપતિ સમાજની દીકરીઓ સરકારી નોકરી મેળવવામાં મેદાન મારી ગઈ હતી. આ પ્રસંગે ભાજપ તાલુકા પ્રમુખ લાલજીભાઈ પ્રજાપતિ, ૧૮૦ પ્રજાપતિ સમાજના પ્રમુખ ભીખાભાઈ પ્રજાપતિ, ખેમભાઈ પ્રજાપતિ, રામજીભાઈ પ્રજાપતિ, પારપડા ગામના સરપંચ રમેશભાઈ ચૌધરી સહિત સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

મોડાસા એમએસસી (સીએ એન્ડ આઈટી) કોલેજના વિદ્યાર્થીઓ યુનિવર્સિટી પરીક્ષામાં ઝળક્યા

ધી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વિ.વિ. શાહ એમ.એસસી (સીએ

એન્ડ આઈટી) કોલેજના સેમીસ્ટર-૧ના વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી પરીક્ષામાં જવલંત સફળતા મેળવી છે. જેમાં ટીંટોઈયા મો. સાહીલ ઈમ્તીયાજહુસેન યુનિ.માં સાતમો અને પટેલ મૈત્રિ ધિરજભાઈ યુનિ.માં નવમુ સ્થાન મેળવેલ છે. જે બદલ મંડળના પ્રમુખ નવિનચંદ્ર આર.

મોદી તેમજ માનદમંત્રી અરવિંદભાઈ જે. મોદીએ કોલેજના પ્રિન્સિપાલ પરિમલ એમ. શાહ તેમજ સ્ટાફ અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

ભિલોડાના માંકરોડામાંથી બોલેરો પીકઅપ ડાલુ ચોરાયું

ઘાંટી ગામના પ્રકાશભાઈ જગદીશભાઈ પાંડોરનું સફેદ કલરનું બોલેરો પીકઅપ ડાલુ નંબર. જી.જે.૩૧.ટી. ૧૭૮૫ ભિલોડા-ઈડર ધોરીમાર્ગ ઉપર આવેલ માંકરોડા વિશ્રામગૃહ સામે ગોડાઉન આગળ પાર્ક કરેલ હતું. અજાણ્યા તસ્કરોએ પીકઅપ ડાલાનું લોક તોડી ચોરી કરી મધ્યરાત્રે તસ્કરો પલાયન થઈ ગયા હતા. ઘાંટી ગામના પ્રકાશભાઈ જગદીશભાઈ પાંડોરનું બોલેરો પીકઅપ ડાલુ અજાણ્યા ઈસમો ચોરી કરી પલાયન થઈ જતાં પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસએ અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

મેઘરજ તાલુકાના ભૂતિયા ગામે પાણીનો પોકાર હાડ થીજાવતી ઠંડીમાં એક કીમી દૂર સ્કૂલમાંથી ભરવા મજબુર

મેઘરજ, તા. ૧૦

સામાન્ય રીતે ચોમાસુ ગયા બાદ શિયાળાની ઋતુમાં પાણીના સ્તર દરેક જગ્યાએ ઊંચા આવતા હોય છે અને બોર કુવામાંથી લોકો પાણીનો ઉપયોગ કરતા હોય છે ત્યારે અરવલ્લી જિલ્લાના અંતરિયાળ એવા મેઘરજ તાલુકાના રામગઢી ગ્રામપંચાયત હેઠળના ભૂતિયા ગામે ભર શિયાળામાં પાણી માટે ગ્રામજનો વલખા મારી રહ્યા છે. ભૂતિયા ગામમાં ખેતી અને પશુપાલનના

વ્યવસાય પર નભતા ૭૦૦થી વધુ લોકો વસવાટ કરે છે. ગામમાં છેલ્લા ત્રણ ચાર વર્ષથી પાણીની સમસ્યા માથાનો દુખાવો બની રહ્યો છે. હાલ ગામમાં પીવાનું પાણી લેવા ગામથી ૧ કિલોમીટર દૂર આવેલી સ્કૂલે જવું પડે છે. તંત્ર દ્વારા પાણી માટે ગામમાં ટાંકી અને હેન્ડપમ્પ બનાવેલા છે. પણ હાલ એ શોભાના ગાંઠિયા સમાન છે. ગામ લોકો દ્વારા સરપંચ અને મેઘરજ તાલુકા પંચાયતમાં અનેક વખત રજૂઆત કરી પણ તંત્રના બહેરા કાને ગ્રામજનોની સમસ્યા સંભળાતી નથી જેથી ગ્રામજનોની પાણી સમસ્યા ઝડપથી હલ થાય એવી માંગ રહેલી છે અને જો આગામી સમયમાં પાણી સમસ્યા હલ નહિ થાય તો ગ્રામજનોએ આંદોલનનો માર્ગ અપનાવવાની ચીમકી ઉચ્ચારી છે.

ભૂતિયા ગામમાં ગરીબ અને સામાન્ય જનતા વસવાટ કરે છે. ગામની મહિલાઓને હાલની કકડતી ઠંડીમાં વહેલી સવારથી પાણી માટે દોડધામ કરવી પડે છે. ગામથી ૧ કિલોમીટર દૂર ઠંડીમાં કાપતા કાપતા પાણી માટે પોતાના તમામ કામ પડતા મૂકી જવું પડે છે. પાણીના કારણે નાના બાળકોનો અભ્યાસ પણ બરબાદ થાય છે. રોજગારી અર્થે પણ જઈ શકાતું નથી ગ્રામજનોને પીવાના પાણીની સમસ્યા છે તો પશુઓનું તો કહેવું જ શું. પશુઓને પણ તરસે મરવાનો વારો આવે તેમ છે પશુઓ માટે ગામમાં હવાડા બનાવ્યા છે પણ પાણીના હોવાને કારણે હવાડા પણ ખાલીખમ છે. ત્યારે હાલ કકડતી ઠંડીમાં ગ્રામજનોની પાણી સમસ્યાની રઝળપાટથી દયનીય પરિસ્થિતિ જોવા મળે છે. ત્યારે મહિલાઓની પાણીની સમસ્યા ઝડપથી હલ થાય એવી માગ રહેલી છે.

મેઘરજ મામલતદાર ભૂતિયા ગામે પાણીની સમસ્યા અંગે તાત્કાલિક કામગીરી કરી સમસ્યા ઉકલશે. રામગઢી ગ્રામ પંચાયત હેઠળના ભૂતિયા ગામની પાણી સમસ્યા બાબતે મેઘરજ તાલુકા વિકાસ અધિકારીને પૂછતા તેઓએ જણાવ્યું હતું કે ભૂતિયા ગામની પાણી સમસ્યા બાબતે પાણી પુરવઠા વિભાગમાં જાણ કરીને પાણીના પ્રશ્નો ઝડપથી હલ થાય એવા પ્રયત્નો કરવામાં આવશે અને હાલ ગામમાં જે જે હેન્ડપંપ બંધ છે તેને પણ રીપેર કરાવી શરુ કરવામાં આવશે અને ઝડપથી સમસ્યાનું નિરાકરણ લાવવામાં આવશે.

પાલનપુર ખાતે પરબતભાઈ પટેલનો સત્કાર સમારંભ યોજાયો

ચાણ્યક ચિંતન મંચ બનસકાંઠા દ્વારા પાલનપુર આનંદધામ ખાતે નવનિયુક્ત રાજ્યકક્ષાના મંત્રી પરબતભાઈ પટેલનો સત્કાર સમારોહ યોજાયો હતો. આ સત્કાર સમારોહના અધ્યક્ષપદે ભારત સરકારના મંત્રી હરિભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. ચાન્યક ચિંતન મંચ દ્વારા કેન્દ્રીય મંત્રી હરિભાઈ ચૌધરી, ગુજરાત રાજયના રાજ્યકક્ષાના મંત્રી પરબતભાઈ પટેલ અને તાજેતરમાં જ ભાજપ સરકાર દ્વારા ગુજરાત વેર હાઉસિંગ કોર્પોરેશનના ચેરમેન તરીકે નિયુક્ત કરાયેલા મગનલાલ માળીને શાલ, મોમેન્ટો અને પુસ્તક આપી સન્માનિત કરાયા હતા. આ સિવાય શહેરના વિવિધ સંગઠનો દ્વારા પણ મંત્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

ખેડબ્રહ્મામાં કોલેજ કક્ષાના વ્યાખ્યાન

ખેડબ્રહ્મા, તા. ૧૦

ડી.ડી. ઠાકર આર્ટસ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્મામાં તા. ૫-૧-૨૦૧૮, શુક્રવારના રોજ હેમ. ઉ.ગુ. યુનિ. પાટણની બોર્ડ ઓફ એકસ્ટ્રા મ્યુરલ સ્ટડીઝ અંતર્ગત 'કોલેજકક્ષાની એક દિવસીય વ્યાખ્યાનમાળા' યોજાઈ ગઈ. તેપ્રસંગે પ્રારંભે સંસ્કૃતના પ્રા. ડૉ. એચ.પી. ભોજકે શ્લોકગાન કર્યા પછી, સંસ્થાના આચાર્ય એન.ડી. પટેલે અતિથિ વક્તાઓનો શાબ્દિક પરિચય આપતાં તેમને આવકાર્યા હતા. એ પછી પુષ્પગુચ્છથી તેમનું સ્વાગત કરાયું હતું. ત્યારબાદ વ્યાખ્યાનમાળા આરંભાઈ હતી. તેનિમિત્તે જે તે વક્તાના વ્યાખ્યાન પૂર્વે, અનુક્રમે અર્થશાસ્ત્ર વિભાગના પ્રા. ડૉ. આર.જે. દેસાઈ, મનોવિજ્ઞાન વિભાગના અધ્યક્ષ પ્રા. ડૉ. એન.એમ. તાજપુરિયા તથા સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રા. ડૉ. વી.સી. નિનામા દ્વારા પોતપોતાના વિષયના નિમંત્રિત વક્તાનો જરૂરી ટૂંકો પરિચય અપાયો હતો. એ પછી ડૉ. જીજ્ઞેશ બારોટ (આસી. પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ, એસ.પી. યુનિવર્સિટી, વ. વિદ્યાનગર)એ જીએસટી વિશે, ડૉ. હર્ષાબેન સી. રાખસિયા (અધ્યક્ષ, મનોવિજ્ઞાન વિભાગ, આર્ટસ-કોમર્સ કોલેજ, મોડાસા)એ 'વ્યક્તિત્વ વિકાસ' વિશે તથા ડૉ. સુરેશ એસ. ગામીત (સમાજશાસ્ત્ર વિભાગ, એસ.બી. મહિલા આર્ટસ કોલેજ, હિંમતનગર)એ 'સમાજશાસ્ત્ર વિષયની આજ અને આવતીકાલ' વિશે સરસ વિદ્યાર્થીલક્ષી વ્યાખ્યાન આપ્યું હતું.

કાર્યક્રમના અંતે વ્યાખ્યાનમાળા સમિતિના સહકન્વીનર ડૉ. એ.બી. બ્રહ્મભટ્ટ (અધ્યક્ષ, અર્થશાસ્ત્ર વિભાગ)એ આભારવિધિની જવાબદારી બજાવી હતી. આ કાર્યક્રમનું સંચાલન કન્વીનર ડૉ. કે.એન. બ્લોચ (અધ્યક્ષ, ગુજરાતી વિભાગ)એ કર્યું હતું. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

પ્રાંતિજ ખાતે રોઝ ઘરમાં ઘુસી જતા નાસભાગ

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ મેન બજાર રહેણાક વિસ્તારમાં રોઝ ઘુસી આવતાં વિસ્તારના લોકોમાં નાસભાગ મચી જવા પામી હતી. એક મકાનમાં ગુસી જતાં તોડફોડ કરી હતી. પ્રાંતિજ લાલ દરવાજા-ઉંડી ફળીમાં અચાનક રોઝ ઘુસી આવતાં રહીશોમાં નાસભાગ મચી જઈ હતી. કેટલાક રહિશોના જીવ તો તોરલે બંધાયા હતાં. રહીશો મકાનના દરવાજા બંધ કરી ઘરમાં ઘુસી ગયાં હતાં તો અચાનક રહેણાક વિસ્તારમાં રોઝ આવી જતાં રોઝ દ્વારા વિસ્તારમાં ધમાલ મચાવી હતી. ઉડીફ ડીમાં રહેતા રાવલ ભરતભાઈના મકાનમાં રસોડાની પાછળના ભાગેથી પ્રવેશ કરી ઘરમા રહેલ ટોઈલેટનો દરવાજો રસોડાની કાચની બારી તથા સોફા તોડી નાખ્યો હતો. અચાનક ઘરમા ઘુસી આવતા પતિ-પત્ની ગભરાઈ ગયા હતા. નગરપાલિકા કોર્પોરેટર નયનભાઈ દેસાઈ દ્વારા વનવિભાગને તથા પોલીસને જાણ કરતા વનવિભાગની ટીમ તથા પોલીસ ટીમ દોડી આવી હતી. રહીશોની મદદથી વન વિભાગની ટીમ દ્વારા રોઝને પકડી લેવામાં આવ્યું હતું. પકડ્યા બાદ તેને પશુ ડૉકટરની મદદથી બેભાન કરી વન અધિકારી જી.વી. દેસાઈ દ્વારા છોટાહાથીમાં લઈ ગયાં હતાં અને પ્રાથમિક સારવાર બાદ જંગલ વિસ્તારમાં છોડી દેવામાં આવશે.

પાલનપુરમાં રોટરેક્ટ ક્લબ દ્વારા નિઃશુલ્ક નિદાન કેમ્પ યોજાયો

પાલનપુર શહેરની જાણીતી સેવાભાવી સંસ્થા રોટરી કલબ ઓફ પાલનપુરની યુવા પાંખ રોટરેકટ કલબ ઓફ પાલનપુર દ્વારા ત્રી-દિવસીય નિઃશુલ્ક નિદાન કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં ડો. આલમદાર ચૌધરી દ્વારા હરસ, મસા, ભંગદર અને પાચનને લગતા રોગોનું નિઃશુલ્ક નિદાન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં પાલનપુર શહેર સિવાય આજુબાજુના ગામમાંથી મળી ૧૦૦થી વધુ દર્દીઓએ લાભ લીધો હતો અને જે દર્દીને ઓપરેશન કરવાનું છે તેમને ઓપરેશન ખર્ચમાં ૬૦ ટકા રાહત આપવામાં આવશે. આ કેમ્પમાં કલબના પ્રમુખ વિશાલ ગોહિલ, મંત્રી અંકિત મોદી, પ્રોજેકટ ચેરમેન મિતેષ પટેલ, કો. ચેરમેન મેહુલ જોષી, આકાશ સોલંકી, અંદાજ પઢીયાર, નિખિલ જોષી, ઉરેન પરમાર, રાહુલ ચૌધરી, રાજ ગુપ્તા સહિત સભ્યો એ ભારે જહેમત ઉઠાવી કેમ્પને સફળ બનાવ્યો હતો.

હિંમતનગરની નવજીવન હોસ્પિટલ પાસેથી બાઈક ચોરાયુ

હિંમતનગર, તા. ૧૦

હિંમતનગર સિવિલ સર્કલ પાસે આવેલ નવજીવન હોસ્પિટલ આગળ મંગળવારે પાર્ક કરેલ રૂ. ૨૦ હજારની કિંમતના બાઈકની અજાણ્યો શખ્સ ચોરી કરી લઈ ગયો હતો. જે અંગેની ફરીયાદ હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી. આ અંગે ગાયત્રી મંદિર રોડ પર આવેલ રંગકુળ સોસાયટી સેક્ટર-૧માં રહેતા દેવેન્દ્રકુમાર દિનેશભાઈ પટેલે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ તેમણે મંગળવારે રૂ. ૨૦ હજારની કિંમતનું બાઈક નં. જીજે.૦૯. એએસ.૦૩૫૪ નવજીવન હોસ્પિટલ આગળ પાર્ક કર્યું હતું. જેને અજાણ્યો શખ્સ ચોરી કરી લઈ ગયો હતો. ત્યારબાદ બાઈકની તપાસ કરવા છતાં કોઈ પત્તો ન મળતા તેમને હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.

બાદરપુરાની ૭ વર્ષીય બાળકીનો અપહરણકાર ઝડપાયો

બનાસકાંઠામાંથી ૭ વર્ષ ની બાળકીનું દુષ્કર્મ કરવાના ઈરાદે અપહરણ કરાયું હોવાની ઘટના સામે આવી છે. જેમાં પોલીસે તાત્કાલિક અલગ અલગ ટીમો બનાવી આરોપીને રાજસ્થાન થી ઝડપી પાડ્યો હતો. ગુજરાત સરકાર દ્વારા મહિલાઓ અને બાળકોની સુરક્ષા ની વાતો કરવામાં આવે છે. પરંતુ સરકારની આ વાતોને પોકળ સાબિત કરતી ઘટના બનાસકાંઠા માં બની છે. જેમાં પાલનપુર ના બાદરપુરા (ભૂતેડી) પ્રાથમિક શાળા માં અભ્યાસ કરતી ૭ વર્ષ ની બાળકીનું અપહરણ થયું હતું. જેમાં પોતાના ખેતરે ભાગીયા તરીકે કામ કરતો મુકેશ આદિવાસી ઉર્ફે સરદાર રોજ બાળકીને સ્કૂમાં લેવા મુકવા જતો હતો. પરંતુ ગઈકાલે બાળકીને લેવા ગયેલો મુકેશ મોડીસાંજ સુધી પરત ના આવતા પરિવારજનોને શંકા ગઈ હતી જેથી બાળકીના પરિવારજનોએ બાળકીનું અપહરણ થયું હોવાનું તાત્કાલિક પોલીસને જાણ કરતા પોલિસે અલગ અલગ ૭ ટીમો બનાવી તપાસ હાથ ધરી હતી.

પોલીસ તપાસમાં આ યુવક બાળકીને લઈ રાજસ્થાન ગયો હોવાની માહિતી મળતા ગુજરાત અને રાજસ્થાન પોલિસે સાથે મળી અપહરણકારને રાણીવાડાથી ઝડપી પાડ્યો હતો. સાથેજ બાળકીને પણ તેની ચૂંગાલમાંથી હેમખેમ છોડાવી પરિવાર ને સોંપી હતી. જ્યારે આરોપીની પૂછપરછ કરતા તેને દુષ્કર્મ આચરવાના ઈરાદે અપહરણ કર્યું હોવાનું જણાવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી.